For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ટ્રાફિકના નિયમોના ઐસી કી તૈસી બૂલેટમાં નંબર પ્લેટ લગાડેલી ના હોય તે ટ્રાફિક પોલીસ અધિકારી અને કર્મચારીઓને દેખાય છે તો કરનાર માતેલા સાંઢની જેમ દોડતાં ભારદારી વાહનો દેખાતા નથી?

ગોઝારો ગુરુવાર : ભારદારી વાહનોએ 3 નિર્દોષ લોકોનો જીવ લીધો

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેર ટ્રાફિક પોલીસ દ્વારા તાજેતરમાં બુલેટ ચાલક જેવા નાના વાહન ચાલક સામે કાર્યવાહી રૂપી ખાખીનો પાવર બતાવી તેમની સાથે દાદાગીરી કરતી હોય છે. પરંતુ ખરેખર શહેરમાં ડમ્પર, ટ્રક તેમજ ટેમ્પો સહિતના ભારદારી વાહનો ગેરકાયદે પ્રવેશ કરીને બેખૌફ અને માંતેલા સાંઢની જેમ દોડી અકસ્માત કરીને નિર્દોષ લોકોના જીવ લઈ રહ્યાં છે. ત્યારે ટ્રાફિકના અધિકારીઓને માત્ર એક બૂલટે ચાલકે વાહનમાં નાની નંબર પ્લેટ લગાવેલી દેખાઈ જાય છે અને નિયમોની ઐસીતૈસી કરનાર આ ભારદારી વાહનો શુ તમને દેખાતા નથી ? તેવા સવાલ લોકમુખે ચર્ચાઇ રહ્યાં છે, કે પછી ગેરકાયદે પ્રવેશ કરનાર વાહનચાલકો પાસેથી હપ્તાખોરી ચાલી રહી હોવાના કારણે તેમની સામે કોઇ એક્શન લેવામાં આવતી નથી ?તેવી પણ ચર્ચારે જોર પકડ્યું છે. ત્યારે વડોદરા શહેર માટે ગુરુવાર ગોઝારો સાબિત થયો હતો. જેમાં એકજ દિવસમાં સવારે 8.30 વાગ્યાથી બપોરના 1 વાગ્યામાં સમય દરમિયાન વડસર, એરપોર્ટ સર્કલ તથા નવાયાર્ડ વિસ્તારમાં ભારદારી વાહનો ડમ્પર, આઇસર ટેમ્પો અને ટ્રકે સાયકલ, મોપેડ ચાલકોને અડફેટેલમાં લીધા હતા. જેમાં ત્રણ લોકોને ગંભીર ઈજાના કારણે સ્થળ પર મોત નિપજ્યાં હતા. ત્યારે માત્ર નાના વાહનો સામે દબંગગીરી બતાવનાર પોલીસ અધિકારી અને કર્મચારીઓ આ ભારદારી સામે જો એક્શન લેવાતા હોય તો કદાચ અકસ્માતના બનાવોમાં ઘટાડો થાય.

સવારે 8.30 કલાકે વડસર બ્રિજ પાસે બનેલી ઘટના

મહાનગરપાલિકાના ડમ્પરે સાઈકલ સવારનો લીધો ભોગ

પોલીસે અકસ્માત સર્જનાર કોર્પોરેશનના ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરના વડસર બ્રિજ પાસે આજે વહેલી સવારે એક દુર્ઘટના સર્જાઈ હતી. વડોદરા મહાનગરપાલિકાના ડમ્પરે સાઈકલ સવાર વ્યક્તિને અડફેટે લેતા તે રોડ પર પટકાયા હતા અને ગંભીર ઈજાઓના કારણે ઘટના સ્થળ પર જ તેમનું મોત નિપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, 8 જાન્યુઆરીના રોજ વહેલી સવારે એક વૃદ્ધ સાઈકલ લઈને વડસર બ્રિજ તરફ જઈ રહ્યા હતા. તે સમયે તેજ ગતિએ આવી રહેલા કોર્પોરેશનના ડમ્પરે તેમને અડફેટે લીધા હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે સાઈકલ સવારને બચાવવાનો કોઈ મોકો રહ્યો ન હતો. બનાવના પગલે આસપાસના લોકો મોટી સંખ્યામાં ભેગા થઈ ગયા હતા, જેના કારણે વિસ્તારમાં ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા.

ઘટનાની જાણ થતા પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ટ્રાફિક વ્યવસ્થા પુનઃસ્થાપિત કરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે. હાલ મૃતકની ઓળખ કરવાની સાથે તેમના પરિવારજનોની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે.

પોલીસે અકસ્માત સર્જનાર કોર્પોરેશનના ડમ્પર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. શહેરમાં વારંવાર થતાં અકસ્માતોને લઈને પોલીસ અને તંત્રની કામગીરી સામે ફરી એકવાર પ્રશ્નો ઊભા થયા છે.

સવારે 10.20 વાગે અમિતનગરથી અરપોર્ટ સર્કલ પાસે દુર્ઘટના

નશામાં ધૂત આઇસર ચાલકનો કહેર: એકનું મોત, અનેક વાહનોનો કચ્ચરઘાણ

અકસ્માત બાદ ચાલક ફરાર, હરણી પોલીસે તપાસ તેજ કરી

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેરના હરણી વિસ્તારમાં આવેલા એરપોર્ટ સર્કલ પાસે આજે એક ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. પૂરપાટ ઝડપે અને વાંકીચૂકી આવી રહેલી એક આઇસર ટ્રકે બે ટુ-વ્હીલર અને એક ફોર-વ્હીલર ગાડીને જોરદાર ટક્કર મારી હતી. આ ગમખ્વાર અકસ્માતમાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતા તેને સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર, આઇસર ચાલક ગાડી પરનું નિયંત્રણ ગુમાવી બેઠો હતો અને રસ્તા પર વાહન વાંકુંચૂકું ચલાવી રહ્યો હતો. લોકોએ આક્ષેપ કર્યો હતો કે ચાલક અત્યંત નશાની હાલતમાં જણાઈ રહ્યો હતો અને ગાડીની ઝડપ પણ મર્યાદા કરતા ઘણી વધારે હતી. અકસ્માત સર્જ્યા બાદ આઇસર ચાલક પોતાની ગાડી મૂકીને ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

બનાવની જાણ થતા જ હરણી પોલીસ સ્ટેશનનો સ્ટાફ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડી ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરી હતી. પોલીસે ફરાર આઇસર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી તેની શોધખોળ શરૂ કરી છે. ઘટનાને પગલે સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોની માંગ છે કે શહેરમાં ભારે વાહનોના પ્રવેશના સમયનું કડક પાલન થવું જોઈએ. જો પોલીસ તંત્ર દ્વારા હેવી વાહનોને સમય પહેલા શહેરમાં પ્રવેશતા અટકાવવામાં આવ્યા હોત, તો આજે એક નિર્દોષ વ્યક્તિએ જીવ ગુમાવવો ન પડત.

બપોરના 1 વાગે નવાયાર્ડ વિસ્તારમાં ગમખ્વાર અકસ્માત

ટ્રક ચાલકે અડફેટે લેતા નિવૃત્ત રેલવે કર્મચારીનું કમકમાટીભર્યું મોત

ટ્રકના તોતિંગ પૈડા માથા પર ફરી વળતા સ્થળ પર મોત

(પ્રતિનિધિ) વડોદરા તા.8

વડોદરા શહેર માટે આજે ગુરૂવાર ગોઝારો સાબિત થયો છે. વડસર બ્રિજ એરપોર્ટ સર્કલ અને ત્યારબાદ ફતેગંજ વિસ્તારમાં બેફામ દોડતા ટ્રક ચાલકે મોપેડ સવાર નિવૃત રેલવે કર્મચારીને અડફેટમાં લીધા હતા. નીચે ફટકાયા બાદ વૃદ્ધ ટ્રકના પાછળના ટાયર નીચે આવી જતા તેમના માથા નો ભાગ છૂંદાઈ ગયો હોય તેમનું ઘટના સ્થળ પર જ મોત નીપજ્યું હતું. ફતેગંજ પોલીસ સ્ટેશનથી 200 મીટરના અંતરે અકસ્માત થયો હતો. પોલીસે તુરંત દોડી આવી લાશને પીએમ માટે સરકારી હોસ્પિટલમાં ખસેડી ચાલક વિરુધ્ધ ગુનો દાખલ કર્યો છે.

વડોદરા શહેરમાં અકસ્માતના બનાવો ઉપરા છાપરી બની રહ્યા છે. ત્યારે 8 જાન્યુઆરીના રોજનો ગુરુવાર વડોદરા માટે કપરો સાબિત થયો છે. આજે વહેલી સવારથી ભારદારી વાહનોએ અકસ્માત સાથે દિવસની શરૂઆત કરી હતી. જેમાં વડસર બ્રિજ પાસે ડમ્પરે અડફેટે લેતા પાલિકાના ડમ્પરે સાઈકલસવાર વૃદ્ધને અડફેટે લીધા હતા. જેમાં તેમનું ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું હતું.

વડોદરા શહેરના એરપોર્ટ સર્કલ પાસે અમિતનગર સર્કલથી પુરપાટ ઝડપે આવી રહેલા આઇસર ચાલકે અમિતનગર પહેલા ઝાડને ટક્કર મારી હતી. ત્યારબાદ એક રાહદારી, બે બાઇક અને એક કારને પણ અડફેટમાં લીધા હતા. જેમાં વૃદ્ધ રાહદારી મૃતક હસમુખભાઈ સોમાભાઈ વણકર નું ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતું જ્યારે અન્ય એક બાઈક ચાલક દિલીપભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા છે.

દિલ્હીમાં ખરાબ હવામાનને પગલે એર ઈન્ડિયા અને ઈન્ડિગોની ફ્લાઈટ રદ

દિલ્હી વડોદરા 6E5066/6662 ફ્લાઇટ્સ રદ થતા મુસાફરો અટવાયા

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

વડોદરા એરપોર્ટ પર ફ્લાઇટ રદ થવાનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. દિલ્હીમાં ગાઢ ધુમ્મસ અને ખરાબ હવામાનના કારણે એર ઇન્ડિયા તથા ઈન્ડિગોની ફ્લાઇટ રદ કરવામાં આવી હતી. દિલ્હી વડોદરા 6E5066/6662 ફ્લાઇટ્સ રદ થતા મુસાફરો અટવાયા હતા.

દિલ્હીમાં ગાઢ ધુમ્મસ અને ખરાબ હવામાનના કારણે આજે સવારે દિલ્હીથી વડોદરા આવતી એર ઇન્ડિયા એરલાઇન્સની ફ્લાઇટ્સ રદ કરવામાં આવી હતી. ફ્લાઈટ રદ થતાં વડોદરાથી દિલ્હી જનાર મુસાફરો એરપોર્ટ પર અટવાયા છે. આ અંગે મુસાફરો માટે વૈકલ્પિક વ્યવસ્થા અથવા તો તેઓને ટિકિટ રિફંડ કરવામાં આવશે. દિલ્હીથી વડોદરા આવનાર ફ્લાઇટ્સમાં ઈન્ડિગો એરલાઇન્સની ફ્લાઇટ નંબર 6E5066/6662 ખરાબ હવામાનના કારણે રદ કરવામાં આવી છે. ખરાબ હવામાનને કારણે ફ્લાઇટ્સ દિલ્હીથી ઉડાન ભરી શકી નહીં, જેના કારણે વડોદરાથી દિલ્હી જતા મુસાફરો માટે મુશ્કેલી વધી છે. જો કે, તેઓ માટે અન્ય ફ્લાઇટમાં વૈકલ્પિક વ્યવસ્થા કરવામાં આવશે. એરલાઇન્સ દ્વારા જણાવવામાં આવ્યું છે કે આ ફ્લાઇટમાં આવનાર અને જનાર મુસાફરોને વૈકલ્પિક ફ્લાઇટની વ્યવસ્થા અથવા સંપૂર્ણ રિફંડ આપવામાં આવશે. આ સાથે દિલ્હી જનાર મુસાફરોને અન્ય વડોદરા કે અમદાવાદથી દિલ્હી જતી ફ્લાઇટમાં મોકલવામાં આવશે. જે મુસાફરોને રિફંડ મેળવવું હશે તે તમામને સંપૂર્ણ રિફંડ આપશે.

વડોદરા જિલ્લા ભાજપના ધારાસભ્યોનો બ્યુરોક્રસી સામે સીધો મોરચો

"ફાઈલો નહીં, પરિણામ જોઈએ"

વડોદરા જિલ્લાના ભાજપ ધારાભ્યોનો મુખ્યમંત્રીને કડક પત્ર

અધિકારીઓની કામચલાઉ, અહંકારભરી અને જનવિરોધી કામગીરી સામે ગંભીર આક્ષેપો

(પ્રતિનિધિ) વડોદરા તા.8

ગુજરાતમાં " સુશાસન"ના દાવાઓ વચ્ચે હવે બ્યુરોક્રસીની મનમાની સામે ખુદ સત્તાધારી પક્ષના ધારાસભ્યો બળવો પોકારી રહ્યા છે. વડોદરા જિલ્લાના ભાજપના પાંચ ધારાસભ્યોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને એક કડક અને આક્રમક પત્ર લખી અધિકારીઓની કામચલાઉ, અહંકારભરી અને જનવિરોધી કામગીરી સામે ગંભીર આક્ષેપો કર્યા છે.

પત્રમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવાયું છે કે રાજ્યમાં ફાઈલ રાજ ચાલે છે, જનતા નહીં. સામાન્ય નાગરિકથી માંડીને જનપ્રતિનિધિઓ સુધી–બધાને સરકારી કચેરીઓમાં પોતાના જ હકના કામ માટે લડવું પડી રહ્યું છે. અધિકારીઓ ધારાસભ્યોને પણ "ધારાસભ્યની ભલામણ છે?" જેવા પ્રશ્નો પુછી અપમાનિત કરે છે, જે લોકશાહી માટે ખતરનાક સ્થિતિ હોવાનું પત્રમાં ઉલ્લેખાયું છે.

ભાજપના ધારાસભ્યોએ આક્ષેપ કર્યો છે કે કલેકટર, જિલ્લા વિકાસ અધિકારી, પોલીસ અધિકારીઓ અને પોલીસ કમિશનરો પોતાની મનસ્વી રીતે કામ કરે છે

સોશિયલ મીડિયા અને વિડિયો કોન્ફરન્સ મારફતે માત્ર હકીકત છુપાવવાની તસવીરો બતાવવામાં આવે છે

જમીન પરની વાસ્તવિક સમસ્યાઓ દબાવી દેવામાં આવે છે

આ ધારાસભ્યોએ પત્રમાં સહી કરી

શૈલેષ મહેતા, ડભોઇ
ધર્મેન્દ્રસિંહ વાઘેલા, વાઘોડિયા
ચૈતન્યસિંહ ઝાલા, પાદરા
અક્ષય પટેલ, કરજણ
કેતન ઇનામદાર , સાવલી

ધારાસભ્યો દ્વારા સૂચવાયેલા કામોને ઇરાદાપૂર્વક અટકાવવામાં આવે છે

પત્રમાં તો અહીં સુધી લખાયું છે કે, "આ પ્રકારની બ્યુરોક્રેટિક માનસિકતા સુધાર્યા વિના વહીવટ ચલાવી શકાય નહીં."

વડોદરા જિલ્લાના ધારાસભ્યો માંગ કરી છે કે, અધિકારીઓને સ્પષ્ટ અને કડક સૂચનાઓ આપવામાં આવે.

"જનપ્રતિનિધિઓ દ્વારા રજૂ થતા પ્રશ્નોને પ્રાથમિકતા આપવામાં આવે, સમસ્યાના સમયમર્યાદામાં ઉકેલ લાવવામાં આવે, નહીં તો લોકવિરોધી અધિકારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે

આ પત્ર પર વડોદરા જિલ્લાના ભાજપના ધારાસભ્યોના હસ્તાક્ષર છે, જે બતાવે છે કે અસંતોષ માત્ર અંદરખાને નથી, હવે ખુલ્લેઆમ ફાટી નીકળ્યો છે.

રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે કે જ્યારે સત્તાધારી પક્ષના ધારાસભ્યો જ બ્યુરોક્રસી સામે આક્રમક થાય, ત્યારે સામાન્ય જનતાની હાલત કેટલી દયનીય હશે?

હવે બધાની નજર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ પર છે–

શું તેઓ બ્યુરોક્રસી પર લગામ કસશે કે પત્ર ફાઈલમાં જ દફન થઈ જશે?

લંડનના વિઝાના બહાને યુવક સાથે રૂ.19.64 લાખની ઠગાઈ

વિઝા નહીં બનાવી આપતા યુનાઇટેડ કિંગડમ ખાતે રહેતા ચાર એનઆઇઆર આરોપી વિરુદ્ધ પોલીસ ફરિયાદ

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેરના ન્યુ વીઆઈપી રોડ પર આવેલી સોસાયટીમાં રહેતા યુવકે પોતાના તથા તેમની પત્ની તથા બે બાળકોના લંડનના વિઝા કઢાવવા માટે લંડન ખાતે રહેતા ચાર શખ્સો રૂપિયા 19.64 લાખ પડાવ્યાં હતા. પરંતુ કોઇ વિઝા બનાવી નહી આપીને એનઆઇઆર આરીપો વિરુદ્ધ હરણી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઇ છે.

ન્યુ વીઆઇપી રોડ પરની અનન્યા હાઇટસમાં રહેતા પઢિયાર હાર્દીક નિકુંજભાઇએ નોંધાવેલી ફરીયાદ મુજબ મિતુલ શાહ હાલ (રહે. યુનાઈટેડ કીંગડમ), ધ્રુવી પટેલ (રહે. યુનાઈટેડ કીંગડમ, સમા સાવલી રોડ વડોદરા), તિર્થકુમાર પટેલ (રહે. યુનાઈટેડ કિંડડમ) તથા સાજેદ ચૌધરી (રહે.યુનાઈટેડ કીંગડમ) 6 જાન્યુઆરી 2024થી જાન્યુઆરી 2026 સુધી તેમની મિતુલ શાહે તેમની તથા પત્ની અને બે બાળકોને લંડન ખાતેના વિઝા કરાવી આપવા માટે જણાવ્યું હતું. આ તમામ લોકોને વિઝા કાઢવા માટે મિતુલ શાહે તેમના ઘરે આવીને તેમની પાસેથી રોકડા તથા ઓનલાઇન મળીને રૂપિયા 19.64 લાખ જેટલી માતબર રકમ પડાવી લીધી હતી. પરંતુ આ લોકોએ તેમને કોઇપ્રકારના વિઝા બનાવી આપ્યા ન હતા. જેથી યુવકે તેમની પાસે રૂપિયા પરત માગ્યાં હતા ત્યારે માત્ર રૂપિયા 53 હજાર પરત કર્યાં હતા. જ્યારે બાકીના રૂપિયા 19.64 લાખ આજ દીન સુધી પરત નહી કરીને તેમની સાથે છેતરપિંડી આચરી છે. જેથી હરણી પોલીસ દ્વારા ચાર એનઆઇઆર ઠગ આરોપીઓ સામે ઠગાઇનો ગુનો નોંધી તેમને ઝડપી પાડવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યાં છે.

ઉત્તર અને દક્ષિણ ઝોનમાં પાણીની લાઈનોમાં ભ્રષ્ટાચાર કે બેદરકારી?

વડોદરાવાસીઓ પી રહ્યા છે 'ઝેર'ના ઘૂંટડા: પાલિકાના પાણીના રિપોર્ટમાં ૯ નમૂના ફેલ!

20 દિવસથી ગંદુ પાણી આવતા રોગચાળાની દહેશત

(પ્રતિનિધિ) વડોદરા તા.8

મહાનગરપાલિકા દ્વારા શહેરના વિવિધ ઝોનમાંથી લેવામાં આવેલા પાણીના નમૂનાઓના રિપોર્ટમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. તંત્ર દ્વારા લેવામાં આવેલા 858 નમૂનાઓમાંથી 9 નમૂના ફેલ જાહેર થયા છે. શહેરના ચાર ઝોન પૈકી ઉત્તર ઝોનમાં 6 અને દક્ષિણ ઝોનમાં 3 નમૂનાઓ પીવાલાયક ન હોવાનું સામે આવ્યું છે.

પાલિકાના સત્તાવાર રિપોર્ટ મુજબ, ઉત્તર ઝોનના નવાયાર્ડ વિસ્તારના સરસ્વતીનગર અને તરસાલીના વૃંદાવન પાર્ક વિસ્તારમાં પાણીના નમૂના ફેલ થયા છે. આ ઉપરાંત ડિફેન્સ કોલોની-2 માં પણ છેલ્લા 15-20 દિવસથી ગંદા પાણીની ગંભીર સમસ્યા હોવાનું સ્થાનિકોએ જણાવ્યું હતું. દક્ષિણ ઝોનમાં પાણીની લાઈનમાં મોટા લીકેજને કારણે પાણી દૂષિત થઈ રહ્યું હોવાની આશંકા છે.

ડિફેન્સ કોલોનીના રહીશોના જણાવ્યા અનુસાર, છેલ્લા 20 દિવસથી તેઓ ગંદુ પાણી પીવા મજબૂર હતા. પાલિકા ઠેર-ઠેર ખાડા ખોદીને ફોલ્ટ શોધવાનો પ્રયાસ કરી રહી છે, પરંતુ કાયમી ઉકેલ હજુ મળ્યો નથી. સ્થાનિકોએ આક્ષેપ કર્યો છે કે વારંવારની રજૂઆતો અને આંદોલનો બાદ તંત્ર જાગ્યું છે.

દૂષિત પાણીના રિપોર્ટ જાહેર થયા બાદ શહેરમાં રોગચાળો ફાટી નીકળવાનો ભય સતાવી રહ્યો છે. જો પાલિકા વહેલી તકે લીકેજ અને દૂષિત પાણીની સમસ્યા હલ નહીં કરે તો શિયાળાની ઋતુમાં પાણીજન્ય રોગો માથું ઊંચકી શકે છે. હાલમાં પાલિકા અન્ય વિસ્તારોમાં પણ તપાસ તેજ કરી રહી છે.

રિપોર્ટ ફેલ આવ્યા બાદ પાલિકાની તાત્કાલિક કાર્યવાહી

» ઉત્તર ઝોનના વોર્ડ નંબર 13માં દૂષિત પાણીની લાઈન કાપી નાખવામાં આવી છે.

» વોર્ડ નંબર 2 માં પણ બે સ્થળે લીકેજ મળી આવતા તેની મરામત શરૂ કરાઈ છે.

» પૂર્વ ઝોનના વોર્ડ 5 માં પણ તપાસના ભાગરૂપે લાઈન કટ કરવામાં આવી છે.

» જ્યાં સુધી ફોલ્ટ ન મળે ત્યાં સુધી અસરગ્રસ્ત વિસ્તારોમાં ટેન્કર દ્વારા પાણી પૂરું પાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે

ઠંડા અને સૂકા પવનો ફૂંકાવાને કારણે ઠંડીનો અનુભવ : તાપમાન 15 ડીગ્રી

12મી જાન્યુઆરી સુધી હવામાન શુષ્ક રહેવાની આગાહી

(પ્રતિનિધિ) વડોદરા,તા.8

વડોદરા શહેરમાં ઠંડા અને સૂકા પવનો ફૂંકાવાને કારણે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. ગુરુવારે મહત્તમ તાપમાન 29 ડીગ્રી અને લઘુત્તમ તાપમાન 15 ડીગ્રી સાથે હવામાં ભેજનું પ્રમાણ 90 ટકા અને સાંજે 59 ટકા નોંધાયું હતું.

આગામી ઠંડીને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે. કેટલાક વિસ્તારોમાં ઠંડીમાં વધારો તો કેટલાક વિસ્તારમાં ઘટાડો થયો છે. 7 દિવસ વાતાવરણમાં કોઈ બદલાવ નહીં જોવા મળે. રાજ્યમાં કેટલીક જગ્યાઓ પર વાતાવરણ ઠંડુ અને શુષ્ક રહેશે. બીજી તરફ હવામાન નિષ્ણાંતોનો અંદાજ છે કે ભારતના હવામાન પર હાલ લા-નીનાની અસર થશે. જેથી આવનાર 15 જાન્યુઆરી સુધી ઠંડીમાં વધારો થઈ શકે છે. ઉત્તરમાં બરફવર્ષા તો કેટલાક રાજ્યોમાં વરસાદી વાતાવરણ સર્જાઈ શકે છે. લા નીના એ અલ નીનો-સાઉથર્ન ઓસિલેશન ચક્રનો એક ભાગ છે. લા-નિના એ અલ-નિનોનાની વિરુદ્ધ અસર છે. આ સમયગાળા દરમિયાન, પૂર્વીય અને મધ્ય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં ઠંડુ થઈ જાય છે. આ ઠંડુ પાણી પવનની દિશા અને ગતિમાં ફેરફાર લાવે છે, જે વૈશ્વિક સ્તરે વરસાદ, તાપમાન તેમજ વાવાઝોડાની પેટર્નને પ્રભાવિત કરે છે. સામાન્ય રીતે જોઈએ તો લા નીના બેથી સાત વર્ષના ચક્રમાં જોવા મળે છે અને તેની અસરો કેટલાક મહિનાઓથી લઈને બે વર્ષ સુધી રહી શકે છે. ગુજરાતમાં હાલ ઉત્તરપૂર્વથી પૂર્વ તરફના પવનો ફૂંકાઈ રહ્યા છે. ગુજરાતમાં ઠંડા અને સૂકા પવનો ફૂંકાવાને કારણે ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. રાજ્યમાં આગામી સાત દિવસ એટલે કે 12મી જાન્યુઆરી સુધી હવામાન શુષ્ક રહેવાની આગાહી છે. ગુજરાતમાં આગામી પાંચ દિવસ લઘુત્તમ તાપમાનમાં કોઈ મોટો બદલાવ નહીં થાય.

પાલિકાની દબાણ હટાવવાની કાર્યવાહીથી પાણીપુરી વિક્રેતાનો આપઘાતનો પ્રયાસ

દબાણ શાખાની એકતરફી કાર્યવાહીથી વેપારીઓમાં ભારે નારાજગી

(પ્રતિનિધિ), વડોદરા. તા.8

વડોદરા મહાનગરપાલિકા (VMC) ની દબાણ શાખા દ્વારા છેલ્લા કેટલાક દિવસોથી શહેરભરમાં દબાણ હટાવવાની મેગા ડ્રાઈવ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે આજે દબાણ શાખાની ટીમ દ્વારા શહેરના મુખ્ય વિસ્તાર એવા સુરસાગર તળાવની સામે અને લાલકોર્ટ નજીક ઊભા રહેતા પાણીપુરીના વિક્રેતાઓ પર કાર્યવાહી કરવામાં આવતા, એક વિક્રેતાએ વિરોધ સ્વરૂપે આપઘાતનો પ્રયાસ કરતા માહોલ ગરમાયો હતો. પ્રાપ્ત માહિતી અનુસાર, બપોરના સમયે દબાણ શાખાની ટીમ નિયમિત કાર્યવાહીના ભાગરૂપે સુરસાગરની સામે ઊભેલા પાણીપુરીના વિક્રેતાઓની લારીઓ જપ્ત કરવાની કામગીરી કરી રહી હતી. તે દરમિયાન એક લારી ધારક જયકિશન ભરતભાઈ દરબાર તેની રોજી-રોટી છીનવાઈ જવાની બીકથી ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ વિક્રેતાએ તાત્કાલિક પોતાની લારીમાં રહેલો તમામ ખાદ્ય સામાન જેમાં પાણીપુરી, મસાલો અને પાણીની ડોલ સહિતનો સામાન મુખ્ય રસ્તા વચ્ચે ફેંકી દીધો હતો. આ સામાન રસ્તા પર ફેંકતા ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી અને લોકોના ટોળા એકઠા થયા હતા. સામાન ફેંકીને વિરોધ દર્શાવ્યા બાદ, આ વિક્રેતા નિરાશામાં તાત્કાલિક સુરસાગર તળાવ તરફ દોડ્યો હતો અને તેમાં કૂદીને

આત્મહત્યા (સુસાઈડ) કરવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આ સમગ્ર ઘટના જોઈ રહેલા આસપાસના જાગૃત નાગરિકો અને ત્યાં હાજર લોકોએ સમયસૂચકતા વાપરીને તાત્કાલિક વિક્રેતાને પકડી પાડ્યો હતો અને તેને તળાવમાં કૂદતા અટકાવ્યો હતો. આ ઘટના બાદ પોલીસને જાણ કરવામાં આવી હતી. આ ઘટનાએ ફરી એકવાર દિવસ-રાત મહેનત કરીને પોતાના પરિવારનું ગુજરાન ચલાવતા નાના ફેરીયાઓ અને વિક્રેતાઓ વિરુદ્ધ પાલિકાની દબાણ શાખા દ્વારા કરવામાં આવતી આક્રમક કાર્યવાહીની યોગ્યતા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. શું પાલિકાએ દબાણ હટાવતા પહેલા વિક્રેતાઓને વૈકલ્પિક જગ્યા આપવા અંગે કોઈ વિચારણા કરી છે? શું માત્ર લારીઓ જપ્ત કરવાને બદલે સહાનુભૂતિપૂર્ણ અભિગમ અપનાવવો જરૂરી નથી ? એક તરફ શહેરી સુધારણા માટે દબાણ હટાવવું અનિવાર્ય છે, પરંતુ બીજી તરફ હજારો ગરીબ પરિવારોની રોજી આ લારીઓ પર નિર્ભર છે. આ વિક્રેતાઓએ જણાવ્યું હતું કે, તેઓ નિયમિત રીતે સ્થળ પર ઊભા રહે છે અને જો વૈકલ્પિક વ્યવસ્થા ન મળે તો તેમનો પરિવાર ભૂખે મરે તેવી સ્થિતિ છે.